# ડો. વિજય કેળકરને નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશનના ચેરમેન નિયુક્ત કરાયા

## બોર્ડની પુનઃરચના નવી માલિકી અને મજબૂત કોર્પોરેટ શાસન ધોરણો પ્રદર્શિત કરે છે

ઓગસ્ટ, ૨૦૧૪- ભારતની સૌથી વિશાળ ખાનગી એગ્રી-વેરહાઉસિંગ પ્રદાતા નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશન (એનબીએચસી) દ્વારા નામાંકિત હસ્તી અને પદ્મવિભૂષણ વિજેતા ડો. વિજય કેળકરની સ્વતંત્ર ડાયરેક્ટર અને ચેરમેન તરીકે નિયુક્તિ કરીને તેના બોર્ડને વધુ મજબૂતી આપવામાં આવી છે. પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી અને નાણાં મંત્રાલયની આર્થિક બાબતોના માજી સલાહકાર ડો. અજય એન. શાહને પણ આ સાથે સ્વતંત્ર ડાયરેક્ટર નિયુક્ત કરાયા છે.

ખાનગી ઈક્વિટી પેઢી ઈન્ડિયા વેલ્યુ ફંડ એડવાઈઝર્સ દ્વારા કંપનીના વ્યવસ્થાપનનું નિયંત્રણ હસ્તક લેવાયુ તેને પગલે આ નવી નિયુક્તિઓ આવી પડી છે.

આ નિયુક્તિઓ વિશે બોલતાં કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ શ્રી અનિલ ચૌધરીએ જણાવ્યું હતું કે અમારા બોર્ડમાં બે પ્રતિષ્ઠિત વ્યાવસાયિકોની નિયુક્તિનું અમે સ્વાગત કરીએ છીએ. આ નિયુક્તિઓ નોંધનીય રીતે અમારા બોર્ડની પહોંચ અને ઊંડાણને વધુ મજબૂત બનાવશે અને એનબીએચસી સાથે સંપૂર્ણ કૃષિ-પુરવઠા શૃંખલામાં પણ આત્મવિશ્વાસ ઓર બુલંદ કરશે. તેમનો એકત્રિત અનુભવ કંપનીને એગ્રી- વેરહાઉસિંગ ઉદ્યોગની સંભાવનાનો લાભ લેવામાં મદદરૂપ થશે.

ભારતને કૃષિ અવકાશ કૃષિ મૂલ્ય શૃંખલામાં મજબૂત સંસ્થાઓ બનાવવા માટે મજબૂત ટેકાની જરૂર છે. એનબીએચસી હંમેશાં એગ્રી-વેરહાઉસિંગ ક્ષેત્રમાં મજબૂત ખેલાડી રહી છે અને બજારની ભરપૂર સંભાવનાઓનો લાભ લેવા માટે સજ્જ છે. હું આ સહયોગ માટે આતુર છું અને કંપનીની વૃદ્ધિમાં મદદરૂપ થવા અને આ પ્રયાસને દિશા આપવામાં મદદરૂપ થવા માટે મારા અનુભવનો સંપૂર્ણ ઉપયોગ કરીશ, એમ ડો. કેળકરે જણાવ્યું હતું.

એગ્રી- વેરહાઉસિંગ અને એનબીએચસીએ બજારમાં વર્ચસ જમાવતા સ્થાન સાથે અમને આપેલી તકથી અમે બહુ જ રોમાંચિત છીએ. આઈવીએફએને વિશ્વાસ છે કે આ નિયુક્તિઓથી કંપની તેના સર્વ હિસ્સાધારકોના લાભમાં બજારસ્થળમાં તેના મજબૂત સ્થાનને વધુ દૃઢ બનાવશે, એમ આઈવીએફએના ભાગીદાર દિવ્ય સહગલે જણાવ્યું હતું.

નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશને આ વર્ષે અગાઉ ઈન્ડિયા વેલ્યુ ફંડ એડવાઈઝર્સ હસ્તગત કરી ત્યારથી તેના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં નવી વાલી કંપનીમાંથી ચાર ભાગીદારની નિયુક્તિ પણ કરી છે, જેમાં આઈવીએફએ ખાતે ભાગીદારો દિવ્ય સહગલ, શ્રીકૃષ્ણ દ્વારમ, વિક્રમ નિરુલા અને પ્રમોદ કાબ્રા બોર્ડમાં સંપૂર્ણ સમયના ડાયરેક્ટર તરીકે પદભાર સંભાળી લેશે.